<u>વડોદરા ખાતેના મે. મજુર અદાલતના પ્રિસાઈડીંગ ઓફિસરશ્રી કે. કે. ત્રિવેદી સાહેબ સમક્ષ</u>

**<u>રેફરન્સ કેસ નંબર :</u>**

**<u>આંક</u> : <u>૧૫</u>**

**<u>પ્રથમ પક્ષકાર</u> :** **ગોલ્ડન ટોબેકો લીમીટેડ**
પો. આમલીયારા, દરજીપુરા,
વડોદરા.

**<u>વિરૂધ્ધ</u>**

**<u>બીજા પક્ષકાર</u> :** **શ્રમયોગીશ્રી મોહનભાઈ ભયજીભાઈ ચાવડા**
૯/૦, ગુજરાત એન્જીનીયરીંગ એન્ડ જનરલ કામદાર યુનિયન,
''ભાલચંદ્ર ત્રિવેદી સભા હોલ''
૨૦૮–૨૧૨, ગાયત્રી ચેમ્બર્સ,
આર. સી. દત્ત રોડ,
વડોદરા.

..........................................................................

**<u>પ્રતિનિધીઓ</u> ::**

પ્રથમ પક્ષકાર તરફે : વિ. વકીલશ્રી કે. કે. ચોકસી.
બીજા પક્ષકાર તરફે : યુનિયન પ્રતિનીધીશ્રી એ. એચ. ત્રિવેદી.

..........................................................................

## :: <u>એવોર્ડ</u> ::

(૧) ઉપરોકત બંને પક્ષકારો વચ્ચેનો ઔધોગિક વિવાદ અને તેનાં નિરાકરણ અર્થે આઈ. ડી. એકટની કલમ–૧૦(૧)(સી) હેઠળ મદદનીશ શ્રમ આયુકતશ્રી, વડોદરાએ તેમનાં હુકમ ક્રમાંક : કે.એચ./એસ.એચ.એમ.સી./વ/એ.જે./ ૩૦૫૩, તારીખ : ૨૯/૦૧/૨૦૧૪ થી મજુર અદાલત, વડોદરાને ન્યાયનિર્ણય અર્થે સુપ્રત કરેલ છે.

(૨) આ રેફરન્સની અનુસુચિ પ્રમાણે શ્રી મોહનભાઈ ભયજીભાઈ ચાવડાને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુન: સ્થાપિત કરવા કે કેમ? તેનો ન્યાય નિર્ણય કરવાનો છે.

(૩) આ કેસમાં હવે પછી સરળતા ખાતર પ્રથમ પક્ષકારને ''સામાવાળા'' તરીકે તથા બીજા પક્ષકારને ''અરજદાર'' તરીકે સંબોધવામાં આવશે.

(૪) અત્રેની અદાલત તરફથી સદર રેફરન્સના કામે પક્ષકારોને આંક-૨ થી નોટીસ ઈસ્યુ કરવામાં આવતા પક્ષકારોને નોટીસની ધોરણસરની બજવણી થયેલ છે. બીજા પક્ષકાર શ્રમયોગી તરફથી રેફરન્સની હકીકતોના સમર્થનમાં આંક-૫ થી માંગણાંનું નિવેદન રજુ કરવામાં આવેલ છે. શ્રમયોગીએ માંગણાંના નિવેદનમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકાર કંપનીમાં તારીખ : ૦૧/૦૭/૧૯૮૩ ના રોજ પ્રોડકશન ખાતામાં હેલ્પર તરીકે જોડાયેલાં અને તેમની ફરજ ખંત અને વફાદારીપૂર્વક બજાવતાં હતાં. સંસ્થામાં કાયમી અને કોન્ટ્રાકટના કામદારો કામ કરે છે. સંસ્થાને ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) અધિનિયમ-૧૯૪૬ અને ગુજરાત ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) નિયમ, ૧૯૫૯ ના નિયમ-૨૭ મુજબ ૬૦ વર્ષની નિવૃત્તિ અંગેની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે અને તે નિયમ સંસ્થાને લાગુ પડે છે. સંસ્થાએ શ્રમયોગીને તારીખ : ૧૧/૦૪/૨૦૧૩ ના પત્રથી ૫૮ વર્ષે નિવૃત્ત કરવાનું જણાવેલું, જેનો શ્રમયોગીએ મૌખિક વિરોધ કરેલો. પરંતું સંસ્થાએ શ્રમયોગીને તારીખ : ૩૧/૦૫/૨૦૧૩ ના રોજ ૫૮ વર્ષે છુટા કરી દીધેલ છે અને તેમ કરી ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) અધિનિયમ,

૧૯૪૬ અને ગુજરાત ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) નિયમ, ૧૯૫૯ ના નિયમ–૨૭ નું ઉલ્લંઘન કરી શ્રમયોગીને ગેરકાયદેસર રીતે તારીખ : ૦૧/૦૬/૨૦૧૩ ના રોજ છુટા કરેલ છે. સંસ્થાએ કોઈ સર્ટીફાઈડ સ્ટેન્ડીંગ ઓર્ડર કરાવેલ નથી. શ્રમયોગીએ તેમને ગેરકાયદેસર છુટા કરવામાં આવતાં મદદનીશ શ્રમ આયુકતશ્રી વડોદરા સમક્ષ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરતાં તેમાં સમાધાન શકય નહીં થતાં સદર રેફરન્સ ન્યાયનિર્ણય અર્થે અત્રેની અદાલતને રીફર કરવામાં આવેલ છે. વધુમાં શ્રમયોગીએ એવી પણ રજુઆત કરેલ છે કે, સંસ્થાએ તેમને છુટા કર્યા પછી નોકરી મેળવવાના પ્રયત્નો કરેલાં પરંતું તેમને કાયમી ધોરણે નોકરી મળેલ નથી. આમ, શ્રમયોગી તરફથી ઉપરોકત હકીકતોએ માંગણાનું નિવેદન રજુ કરી એવી દાદ માંગેલ છે કે, પ્રથમ પક્ષકાર કંપનીનું શ્રમયોગીને ૫૮ વર્ષે ગેરકાયદેસર નિવૃત્ત કરેલ હોઈ તે નિવૃત્તિનું પગલું ગેરકાયદેસર ઠરાવી નોકરીની મુળ જગ્યાએ મળવાપાત્ર લાભો અને પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત પુન: સ્થાપિત કરવા તેમજ રેફરન્સ ખર્ચ અપાવવા દાદ માંગેલ છે.

(૪) આ કામે સામાવાળા સંસ્થા તરફે આંક–૭ થી લેખિત જવાબ રજુ કરી અરજદારના માંગણાંના નિવેદનની હકીકતોનો મહદ અંશે ઈનકાર કરી એવી તકરાર લીધેલ છે કે, મદદનીશ મજુર કમિશ્નરશ્રીએ કરેલ ટર્મ્સ ઓફ રેફરન્સ કાયદાથી વિરૂધ્ધ, ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોઈ રદબાતલ છે. સંસ્થા સને : ૧૯૭૩ થી કાર્યરત છે. આ સમયગાળા દરમ્યાન ઘણાં કામદારો નિવૃત્ત થયા છે, ચાલી આવતી પ્રથા મુજબ તેઓ ૫૮ વર્ષની વયે નિવૃત્ત થયેલ. શ્રમયોગીને પણ અગાઉથી લેખિતમાં જાણ કરવમાં આવેલ તેમ છતાં શ્રમયોગીએ ખોટી

રીતે, ગેરકાયદેસર અને ગેરવ્યાજબી લાભ લેવાના હેતુથી હાલનો રેફરન્સ કરેલ છે. છેલ્લા કેટલાંક વર્ષથી કંપનીની આર્થિક પરીસ્થિતી સારી નથી અને કંપની બી.આઈ.એફ.આર. ધ્વારા સીક જાહેર થયેલ છે. કંપનીની આર્થિક પરીસ્થિતી ખરાબ હોવાના કારણે કંપની કામદારોને સમયસર પગાર પણ ચુકવી શકતી નથી. કંપનીની સ્થાપના મુંબઈ ખાતે થઈ ત્યારથી જ કંપનીમાં નિવૃત્તિ વય મર્યાદા ૫૮ વર્ષની છે અને આજદીન સુધી કોઈ યુનિયન કે કામદારે વિવાદ ઉપસ્થિત કરેલ નથી. કંપનીની ભારતભરની સમગ્ર શાખાઓમાં ૫૮ વર્ષની નિવૃત્તિની પ્રથા ચાલી આવે છે. કંપનીના પોતાના સર્ટીફાઈડ સ્ટેન્ડીંગ ઓર્ડર મુજબ તેમજ વર્ષોથી ચાલી આવતી પ્રથા મુજબ ૫૮ વર્ષે નિવૃત્ત કરવામાં આવે છે અને તેથી આ તકરાર ઔદ્યોગિક તકરાર બનતી નથી. વધુમાં યુનિયન સને : ૧૯૮૮ થી સને : ૧૯૯૭ સુધી દશ વર્ષ કાર્યરત હતું અને તેણે પણ નિવૃત્તિની વય બાબતમાં કોઈ તકરાર ઉભી કરેલ નથી અને કંપની સાથે ઘણાં સમાધાનો પણ કરેલાં છે. જયારે કંપનીમાં વર્ષોની ચાલી આવતી પ્રથા અને નવા વિવાદ અંગેની પસંદગી કરવાની થાય ત્યારે ચાલી આવતી પ્રથાને પ્રાધાન્ય આપવાના સિધ્ધાંતને લક્ષમાં લઈ વિવાદ ફાઈલ કરવો જોઈએ. શ્રમયોગીને ૫૮ વર્ષે નિવૃત્ત કર્યા તે વખતે તેમણે કોઈ વાંધો ઉઠાવેલ નહીં. આમ, સંસ્થા તરફથી ઉપરોકત હકીકતોએ જવાબ રજુ કરી શ્રમયોગીનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૫) અરજદાર શ્રમયોગી તરફથી માંગણાંના નિવેદનની હકીકતો સાબિત કરવા માટે નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**:: <u>મૌખિક પુરાવા</u> ::**

**૧.** આંક–૧૦ અરજદાર મોહનભાઈ ભયજીભાઈ ચાવડાના પુરાવાનું સોગંદનામુ.

**:: <u>દસ્તાવેજી પુરાવા</u> ::**

૧. નિ. ૬/૧ અરજદારની જન્મ તારીખ અંગે સ્કુલ લીવીંગ સર્ટીફિકેટની નકલ.

૨. નિ. ૬/૨ અરજદારને કંપનીએ આપેલ ઓળખકાર્ડની નકલ.

૩. નિ. ૬/૩ અરજદારને નિવૃત્ત કર્યા અંગેનો હુકમ.

૪. નિ. ૬/૪ સામાવાળાને માંગણાંનું નિવેદન આર.પી.એ.ડી. મારફતે મોકલી આપ્યા બાબતની એકનોલેજમેન્ટ.

૫. નિ. ૬/૫ સામાવાળાને માંગણાંનું નિવેદન આર.પી.એ.ડી. મારફતે મોકલી આપ્યા બાબતની પોસ્ટની પાવતી.

૬. નિ. ૬/૬ અરજદારની માહે : મે–૨૦૧૩ ની પગાર પાવતી.

ત્યારબાદ શ્રમયોગી તરફથી આંક–૧૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી તેઓનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

**(૬)** સામાવાળા સંસ્થા તરફે તેઓના જવાબની હકીકતો સાબિત કરવા માટે નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**:: <u>મૌખિક પુરાવા</u> ::**

૧. આંક–૧૩ કંપનીના સાહેદશ્રી મગેશ દોલતરાવ ભામરેનું પુરાવાનું સોગંદનામું.

**:: <u>દસ્તાવેજી પુરાવા</u> ::**

૧. નિ. ૯/૧ સર્ટીફાઈડ થયેલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સની નકલ.

૨. નિ. ૯/૨ અરજદારને નિવૃત્ત કરવા અંગેના પત્રની નકલ.

ત્યારબાદ કંપની તરફથી આંક–૧૪ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી તેઓનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરેલ છે.

(૭) ત્યારબાદ અરજદાર શ્રમયોગી તરફે તેઓના યુનિયન પ્રતિનીધીશ્રી અતુલ ત્રિવેદી તથા સામાવાળા કંપની તરફે વિ. વકીલશ્રી કે. કે. ચોકસીની દલીલો સાંભળી.

અરજદાર શ્રમયોગી તરફથી મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે,